NCS Code: 3521.0100, CCode: MC005

# છાયાકાર/ચલચિત્રકાર (સિનેમેટોગ્રાફર)

એક સિનેમેટોગ્રાફર, નિર્દેશકની ઈચ્છા અનુસાર માધ્યમોના એક ભાગ (સામાન્ય રીતે ફિલ્મ, ટીવી શો અથવા જાહેરાતો) આલેખવા માટે જવાબદાર છે. તેથી સિનેમેટોગ્રાફર એક કલાકાર છે જે દ્રશ્યો કંડારવા માટે પોતાના કેમેરાનો ઉપયોગ કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમારું મન સર્જનાત્મક વલણ ધરાવે છે
- તમારા માનસપટમાં વિશ્વની એક અનન્ય છબી અંકિત થયેલી છે
- તમે સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું પસંદ કરો છો
- તમે નાની-નાની બાબતો અને વિગતો પર ધ્યાન આપો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૪૪,૦૦૦ થી ૨૪,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. સમુહ માધ્યમો (માસ મિડિયા)/ફિલ્મ સ્ટડીઝ અથવા ફિલ્મ નિર્માણમાં સ્નાતક (BSc./BA)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ, માસ કોમ્યુનિકેશન અથવા ફિલ્મ સ્ટડીઝમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીની તાલીમની સાથે સાથે તમારી પસંદગીના કોઈપણ વિષયમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સિનેમેટોગ્રાફરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૨,૦૦૦ થી ૮૩,૩૩૪*** જેટલું હોય છે.

સ્રોત : https://www.payscale.com/research/IN/Job=Cinematographer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** માધ્યમો અને મનોરંજન સંસ્થાઓ, ઉત્પાદન ગૃહો, ફિલ્મ નિર્માણ એજન્સીઓ/સંસ્થાઓ/સ્ટુડિયો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમારે શૂટીંગના સ્થળના આધારે બહાર અથવા સ્ટુ ડિયોની અંદર કામ કરવું પડશે. શિફ્ટમાં કામ કરવાનું બની શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ સિનેમેટોગ્રાફર → સિનેમેટોગ્રાફર → આસિસ્ટન્ટ ડિરેક્ટર → ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સિનેમેટોગ્રાફી, સ્ક્રીનપ્લે, ફિલ્મ નિર્માતા

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ મીડિયા અને ફિલ્મ સ્ટડીઝ (માધ્યમો અને ચલચિત્ર અભ્યાસ) વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.**

સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

### સરકારી સંસ્થાઓ

૧. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા, પુણે
૨. એમ.એસ.યુ., વડોદરા
૩. કોલકાતા ફિલ્મ અને ટેલિવિઝન સંસ્થા, કોલકાતા
૪. બિજુ પટનાયક ફિલ્મ અને ટેલિવિઝન સંસ્થા, કટક
૫. ડો ભૂપેન હજારિકા રીજીયનલ ગવર્મેન્ટ ફિલ્મ અને ટેલિવિઝન ઈન્સ્ટિટ્યુટ, ચાંગસારી
૬. જાદવપુર યુનિવર્સિટી, કોલકાતા
૭. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૮. તિલક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, પુણે

### ખાનગી સંસ્થાઓ

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. સી.પી.આઈ.એફ.ટી., ગાંધીનગર
૨. એશિયન એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, દિલ્હી
૩. અજીંક્ય ડી.વાય. પાટીલ યુનિવર્સિટી, પુણે
૪. ટેકનો ઈન્ડિયા યુનિવર્સિટી, કોલકાતા
૫. સી.એમ.આર. યુનિવર્સિટી, બેંગલુરૂ
૬. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૭. સિંઘાનિયા યુનિવર્સિટી, ઝુંઝુનુ
૮. યુ.એસ.એલ.એમ. કર્ણાવતી યુનિવર્સિટી, ગાંધીનગર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

### ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

### ઓનલાઈન અભ્યાસક્રમો

- NPTEL* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc21_hs17/preview
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**સવિતા સિંહે** ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (એફ.ટી.આઈ.આઈ.) માંથી સિનેમેટોગ્રાફીમાં સ્નાતકની પદવી હાંસલ કરી છે. તેણીએ હવાઈઝાદા, વેન્ટિલેટર વગેરે જેવી અનેક પ્રસિદ્ધ બૉલીવુડ ફિલ્મોમાં ફોટોગ્રાફીના દિગ્દર્શક તરીકે કામગીરી નિભાવી છે. તેણી સિનેમેટોગ્રાફી અંગેની પોતાની સમજનો શ્રેય બાળપણમાં તેમની વાંચનની ભૂખ અને તેમની અંદર રહેલી કલ્પનાશક્તિને આપે છે. સવિતા આઈ.ડબલ્યુ.સી.સી.ના સ્થાપક સભ્યોમાંના એક છે. હાલમાં જ તેમણે ડિરેક્ટર-ડિરેક્ટર ઓફ ફોટોગ્રાફી તરીકે 'SONSI' નામની તેમની પ્રથમ ફિલ્મ પૂર્ણ કરી છે.*

સ્રોત : https://iwcc.in/member/savita-singh/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.